ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૮/1741 - 1846

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ રા. ગાંધીનગર. તા.15 /03/૨૦૧૮

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- પ્રાથમિક શાળાઓના સમયમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૦૯/03/૨૦૧૮ ઈ-મેઈલ અન્વયે.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, અરજદાર શ્રી નુતન વિદ્યાપીઠ દ્વારા પ્રાથમિક શાળાના સમય બદલવા બાબતે શિક્ષણ વિભાગને રજુઆત કરેલ છે. જે મુજબ "ગુજરાતની સરકારી શાળાઓમાં અભ્યાસ પર માઠી અસર બાબતે કેટલીક પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરાતા ફક્ત ૨ થી ૩ કલાકનુ જ શૈક્ષણિક કાર્ય શક્ય બને છે. તેમજ હાલ કોઈ પાણીની સમસ્યા નથી કે વધુ ગરમીની અસર નથી. જેથી ગામના સરપંચશ્રીઓ, SMC સભ્યો અને વાલીશ્રીઓ દ્વારા વિરોધ કરી સારા શૈક્ષણિક કાર્ય માટે શાળાનો સમય રાબેતા મુજબનો ચાલુ રાખવા રજુઆત કરેલ છે."

શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય માટેનો સમય નક્કી કરવા બાબતના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૧/૧૪૯ /ક તા.૧૮/૦૨/૨૦૧૧ ના ક્રમ નં-૪ માં જણાવ્યા મુજબ "પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૫ ના શિક્ષકોએ પ્રાથમિક વિભાગમાં દરરોજ ઓછામાં ઓછા ૪ (ચાર) કલાક અને ઉચ્ચતર પ્રાથમિક વિભાગ ધો-૬ થી ૮ ના શિક્ષકોએ પાંચ કલાકનુ વર્ગકાર્ય કરવાનુ રહેશે."

હાલ રાજયમાં ગરમીનુ પ્રમાણ વધુ ન હોઈ જે જિલ્લાની પ્રાથમિક શાળાઓએ સમય બદલીને પોતાની રીતે સવારની શાળા કરવાનો નિર્ણય કરેલ છે તે રદ કરી મૂળ સમય યથાવત રાખવા આપની કક્ષાએથી તાત્કાલિક સુચના આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાના સમયમાં ફેરફાર કરવાની સત્તા જે તે જિલ્લાતંત્રને આપવામાં આવેલ હોઈ આપના હસ્તકની તમામ સરકારી, અનુદાનિત ખાનગી, બિન અનુદાનિત ખાનગી, સી.બી.એસ.સી., આઈ.સી.એસ.આઈ. અથવા અન્ય કોઈપણ બોર્ડ સાથે સંકળાયેલ કોઈપણ માધ્યમની તમામ પ્રાથમિક શાળાઓને આપના દ્વારા જરૂરી સુચનાઓ આપવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે માટે શિક્ષણ વિભાગના તા.૧૮/૦૨/૨૦૧૧ ના ઠરાવમાં આપવામાં આવેલ સુચનાઓનુ તમામ પ્રાથમિક શાળાઓમાં ચુસ્તપણે પાલન થાય તે આપની કક્ષાએથી જોવાનુ રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

પ્રતિ,

[illegible] સચિવાલય ગાંધીનગર

ક્રમાંક / પ્રા/શિ-૨ પ્રા.શા.શ./૨૦૧૧-૧૯/૫૬૯૪-૦૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૬-૦૩-૨૦૧૯

૨/- નકલ રવાના જાણ તથા ઉપરોક્ત વિગતો મુજબની અમલ કરવા જણાવવામાં આવે છે.

(સહી)
જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લા બનાસકાંઠાની ગ્રાન્ટેડ શાળાઓ
તમામ (માધ્યમિક વિભાગ)
બનાસકાંઠા જિલ્લો.